રે.દિ.દર.નં.૩૬/૨૦૨૪

-॥ આંક-૧ લગત હુકમ ॥-

**નામદાર સુપ્રિમ કોર્ટના પેરીયામલ વિરૂધ્ધ વી.રાજમણી અને બીજા, ૨૦૨૫, લાઈવ લો સુપ્રિમ કોર્ટ, ૨૯૩** ના ચુકાદા મુજબ એકઝીકયુશન પીટીશન દાખલ થયાના ૬ માસમાં બને ત્યાં સુધી પુર્ણ કરવાની હોય છે અને આ બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે એકઝીકયુશન પીટીશન સ્પીડી ચલાવવા માટે નિર્દેશ આપેલ હોય તે નિર્દેશોને અનુલક્ષીને હાલની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે હાલની દરખાસ્ત વાદી તર્ફે પી.જી.વી.સી.એલ. દ્વારા દાખલ કરવામાં આવેલ, જે દરખાસ્તના કામે જજમેન્ટ ડેટરને નોટીસ કરતા નોટીસ બજી ગયેલ તથા દરખાસ્તના કામે જજમેન્ટ ડેટરને જપ્તી વોરંટ કાઢવામાં આવેલ, જે જપ્તી વોરંટમાં બજાવનાર કર્મચારીએ દરખાસ્ત કરનાર વાદીની હાજરીમાં જણાવેલ જગ્યાએ બજવણી કરવા જતા જજમેન્ટ ડેટર ના ઘરે કબજે કરી શકાય તેવી કોઇ ચીજ વસ્તુઓ મળી આવેલ નહી ત્યારબાદ સીવીલ જેલમાં બેસાડવા માટેની નોટીસ ઈશ્યુ કરવામાં આવેલી પરંતુ વાદી આજદિન સુધી પ્રતિવાદીને સીવીલ જેલમાં બેસાડવા માટે કોઈ રકમ આજદિન સુધી જમા કરાવેલ ના હોય સદરહુ દરખાસ્ત સને - ૨૦૨૪ની સાલની હોય તેમ છતાં વાદી દવારા આગળની કોઈ કાર્યવાહી માટે કોઈ અરજી આપવામાં આવેલ ન હોય કે રજુઆત કરવામા આવેલ ન હોય જેથી વાદી સદરહુ દરખાસ્ત ચલાવવામા રસ ધરાવતા ન હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે જેથી હાલની દરખાસ્તના કામે આગળ કોઈ પ્રક્રિયા કરી શકાતી ન હોય, સદર દરખાસ્ત ચાલુ રાખવામાં આવે તો કોર્ટનો કિંમતી સમય વેડફાય તેમ છે. જેથી હવે આ દરખાસ્તનુ કામ વધુ સમય સુધી મુલતવી રાખવાથી કોઇ અર્થ સરે તેમ નથી, જેથી આ દરખાસ્ત ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૧૭ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
સ્થળઃ તાલાલા

(પી. એન. જાડેજા)
પ્રિન્સી.સીવીલ જજ
તાલાલા.
(GJ01733)